રાત્રિ ન્યૂસન્સ ફેલાવતી ખાણી-પીણીની 902 સંસ્થા પર મનપા ત્રાટકી

ચા અને પાનના ગલ્લા, નાસ્તા વેચનારી સંસ્થાઓમાં રાત્રે સૂકો-ભીનો કચરો રસ્તા પર ખુલ્લેઆમ ફેંકાતો હોવાની કેફિયતને આધારે કાર્યવાહી

ન્યૂસન્સ ડિટેક્શન સ્ક્વોડે 15 દિવસમાં 564 કિલો અખાદ્ય ખોરાકનો નાશ કર્યો અને 450 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું

સુરતઃ સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મોડી રાત સુધી ચાલતા પાન-ગલ્લા અને ચાની લારીઓ દ્વારા થતી ગંદકી અને ન્યૂસન્સ અંગે નાયબ આરોગ્ય અધિકારીઓને રાત્રિ ન્યૂસન્સ ડિટેકશન સ્કવોડની ટીમ રચવા તેમજ ઝુંબેશ હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી. આ ઝુંબેશ હેઠળ, 13 એપ્રિલ 2025થી અત્યાર સુધીમાં 902 સંસ્થાઓની તપાસ કરવામાં આવી છે, જેમાં 564 કિલોગ્રામ અખાદ્ય ખોરાકનો નાશ કરાયો, 450 કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરાયું અને 8,75,550 વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે.

ન્યૂસન્સ ડિટેકશન સ્કવોડની ટીમો દ્વારા સંસ્થાઓને સૂકા અને ભીના કચરા માટે અલગ-અલગ ડસ્ટબિન રાખવા, કચરો કચરાપેટીમાં જ નાંખવા અને જાહેર રસ્તાઓ પર ગંદકી ન કરવા, સૂકા અને ભીના કચરા માટે અલગ-અલ ડસ્ટબિન રાખવા અને કચરો ફક્ત કચરાપેટીમાં જ નાંખવા કડક સૂચના આપવામાં આવી રહી છે. આ નિયમોનું પાલન ન કરનાર સંસ્થાઓ સામે વધુ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

આ વિસ્તારોમાં ઝુંબેશ હાથ ધરાઇ

સેન્ટ્રલ ઝોનઃ રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, સિનેમા રોડ, દિલ્હી ગેટ, મોતી ટોકીઝ, સૈયદપુરા.
ઉધના ઝોન-એઃ બમરોલી, કૈલાશ ચોકડી, ઉધના રેલવે સ્ટેશન.
વરાછા ઝોન-એઃ સહરા દરવાજાથી કાંગારૂં સર્કલ.
વરાછા ઝોન-બીઃ બાપા સીતારામ ચોકથી સીમાડા નાકા, સીમાડા નાકાથી વેલકમ ગેટ, રામ ચોકથી VIP સર્કલ.
વેસ્ટ ઝોનઃ પાલ, ગૌરવ પથ, ગુજરાત ગેસ સર્કલથી અડાજણ પાટિયા.
સાઉથ ઇસ્ટ ઝોનઃ ડીંડોલી, લીંબાયત.
નોર્થ ઝોનઃ પારસ માર્કેટ, કતારગામ, વેડ રોડ.
સાઉથ વેસ્ટ ઝોનઃ ગૌરવ પથ રોડ, પીપલોદ, ઉધના મગદલ્લા રોડ, સીટીલાઇટ મેઇન રોડ.
ઉધના ઝોન-બીઃ ઉન મેઇન રોડ, ભીંડી બજાર, પાલી બજાર.

સંસ્થાઓ અને દંડની વિગતો

સંસ્થાનો પ્રકાર	સંખ્યા	કાર્યવાહી
ટી સેન્ટર	289	અખાદ્ય ખોરાકનો નાશ, પ્લાસ્ટિક જપ્ત, નોટિસ
પાન અને કોલ્ડ્રિંક્સ	340	અખાદ્ય ખોરાકનો નાશ, પ્લાસ્ટિક જપ્ત, નોટિસ
પાનના ગલ્લા	150	અખાદ્ય ખોરાકનો નાશ, પ્લાસ્ટિક જપ્ત, નોટિસ
અન્ય સંસ્થાઓ	123	અખાદ્ય ખોરાકનો નાશ, પ્લાસ્ટિક જપ્ત, નોટિસ

સગરામપુરા અડદિયા શેરીમાંથી કામવાળી 80 હજારનો મોબાઈલ ચોરી ગઈ

સુરતઃ સગરામપુરા વિસ્તારમાં આવેલી અડદિયા શેરીમાં રહેતી મહિલાના ઘરે કામ કરતી યુવતી 80 હજારની કિંમતનો મોબાઈલ ચોરી ગઈ હતી.

શહેરના પીપલોદ રાધાકૃષ્ણ મંદિરની પાસે કંચેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતા ધવલ અશ્વિનભાઈ જોગીયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ગઈકાલે તેમણે તેઓએ અઠવા પોલીસ મથકમાં ઘરકામ કરતી શ્રૃતિ ચંદ્રકાંત સેંદાણે (રહે. જીઆઈડીસી કોલોની બાટલી બોય કંપની સામે પાંડેસરા) સામે ચોરીની ફરિયાદ નોંધાવી છે. જેમાં તેને જણાવ્યું હતું કે યુ.કેમાં રહેતા તેમના રેખાબેન પ્રફુલભાઈ વિશ્રામનું સગરામપુરા વિસ્તારમાં જૂની મહાવીર હોસ્પિટલ પાસે અડદિયા શેરીમાં મકાન આવેલું છે. જ્યા શ્રૃતિ ચંદ્રકાંત સેંદાણે ઘરકામ કરે છે. તે 26 એપ્રિલ 2025ના રોજ તકનો લાભ મળતા શ્રૃતિ ઘરમાંથી રૂપિયા 80 હજારની કિંમતનો મોબાઈલ ચોરી કરી ગઈ હતી.

સંક્ષિપ્ત સમાચાર

પ્રોગ્રેસ એલાન્યસ દ્વારા માતા-પિતાનું ઋણ ચૂકવવા માટે વંદન ઉત્સવ યોજાયો

સુરતઃ પ્રોગ્રેસ એલાયન્સ દ્વારા સુરતના હેવન પાર્ટી પ્લોટ ખાતે માતા પિતાનું ઋણ ચુકવવા અને તેમનો આભાર વ્યક્ત કરવા માટે એક અદભૂત અને અનેરા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વંદનઉત્સવ શિર્ષક હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં 300+ પરિવારના 2000થી પણ વધારે વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ અંગે આયોજકોએ જણાવ્યું હતું કે, કોઈ પણ દીકરા દીકરીઓ જીવન દરમિયાન માતા પિતાનું ઋણ ક્યારેય ચુકવી નથી શકતા, જીવનમાં આ વસવસો રહી જાય છે. જીવનમાં માતાપિતાએ દીકરા-દીકરીને જે આપ્યું છે તેનો ભાવ વ્યક્ત કરવામાં પરિવાર અસફળ રહી જાય છે. માતાપિતાએ જે આપણા માટે કર્યું છે જેનું ઋણ આપણે ક્યારેય ચુકવી નથી શકતા, ત્યારે વંદન ઉત્સવ દ્વારા એ ઋણ અદા કરવાનો પ્રયાસ કરાયો હતો.

મશરૂમના મૂળનો ઉપયોગ કરીને ભારતીય મૂળના આર્કિટેક્ટ ડિઝાઇનર જૈનિકા શાહે મેન્શન બનાવ્યું

સુરતઃ ન્યૂયોર્કની પ્રખ્યાત પ્રેટ ઇન્સ્ટિટ્યૂટમાંથી સ્નાતક થયેલા અને અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટમાં કાર્યરત જૈનિકા શાહ વર્તમાને વૈશ્વિક સ્તરે તેની "માયસીલીયમ મેન્શન" વિચારધારા માટે ઘણા એવોર્ડ જીતી ચૂકી છે. તે જણાવે છે કે જ્યારે તેણે સ્કૂલમાં ટેકનિકલ ડ્રોઇંગ લીધું ત્યારથી તેનું આર્કિટેક્ટ બનવાનું સ્વપ્ન રાચવા લાગ્યું. પોતાના પાંચ વર્ષની ડિગ્રી વખતે જુદી જુદી જગ્યાઓ ફરી અને ખાસ કરીને જ્યારે તેણે રાજસ્થાન, કેરળ, મહારાષ્ટ્ર અને દિલ્હી જેવી જગ્યાઓની સ્થિતિ જોઈ ત્યારે તેને પર્યાવરણ પ્રત્યે સહાનુભૂતિ જાગી અને તે માટે કાઈંક કરી છૂટવાની ભાવના સ્ફુરી હતી. માયસીલીયમ મેન્શન, મશરૂમના મૂળનો ઉપયોગ કરીને બનાવેલી કલ્પના છે, જે પ્રત્યક્ષ થઈ શકે છે.

રાંદેર ઈસ્લામ જીમખાના દ્વારા ફૂટબોલ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ રમાઈ

સુરતઃ રાંદેર ઇસ્લામ જીમખાના આયોજીત 5 મી જીએમએ અલ્લુ ફુટબોલ ટૂનમિન્ટની ફાઈનલ મેચ વોરિયર્સ એફસી અને આરઆઈ જી 'બ્લુ' ટીમ વચ્ચે રમાઈ હતી. જેમાં વોરિયર્સ ટીમે 2-0 ગોલથી વિજેતા થઇ ચેમ્પિયનશિપ હાંસલ કરી હતી. આદીલ મિરઝા - મેન ઓફ ધ મેચ, નાઝીમ - બેસ્ટ ઓફેન્ડર, ઈસ્માઈલ મુસાજી- બેસ્ટ ડીફેન્ડર, સુલેમાન મુરાદ- બેસ્ટ ઈમર્જિંગ પ્લેયર તરીકે ઘોષિત થયા હતા. રેફરીઝ તરીકે અંજુમ ટીનવાલા, આફતાબ, ઈમરાન અને ઉમેર ભામે સેવા આપી હતી. જીમખાનાના પ્રમુખ અબ્બાસ હાંસે મહેમાનોનું સ્વાગત, પરિચય તેમજ ઈનામ વિતરણ સમારોહનું સફળ સંચાલન કર્યુ હતું. મુખ્ય મહેમાન તરીકે કોર્પોરેટર કૃણાલભાઈ સેલર, બેરિસ્ટર આરીફ અન્સારી, રાંદેરના પીએસઆઈ પીજી ગોહિલ, સલીમભાઈ મુરાદ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ખાદી અને ગ્રામોદ્યોગના વેપારમાં તેજી, પહેલી વખત ટર્નઓવર 1.70 લાખ કરોડને પાર

સુરતઃ ખાદી-ગ્રામોદ્યોગ ભવન નવી દિલ્હીનો વ્યવસાય પહેલી વાર ૧૧૦.૦૧ કરોડના રેકોર્ડ આંકડા સુધી પહોંચ્યો છે. કેવીઆઈસીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ઉત્પાદન, વેચાણ અને નવા રોજગાર સર્જનનો નવો રેકોર્ડ બનાવ્યો છે. છેલ્લા ૧૧ વર્ષમાં વેચાણમાં ૪૪૭ ટકા, ઉત્પાદનમાં ૩૪૭ ટકા અને રોજગાર સર્જનમાં ૪૯.૨૩ ટકાનો વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, વર્ષ ૨૦૧૩-૧૪ની સરખામણીમાં વેચાણમાં ૩૯૯.૬૯ % અને ઉત્પાદનમાં ૩૧૪.૭૯ % નો વધારો થયો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખાદી અને ગ્રામોદ્યોગનો કામચલાઉ ડેટા જાહેર કરતી વખતે કેવીઆઈસીના અધ્યક્ષ મનોજ કુમારે કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ટર્નઓવર રૂ.૧૭૦૫૫૧.૩૭ કરોડ પર પહોંચી ગયું, જે અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, તે ૩૭૮૩.૩૬ કરોડ રૂપિયાના આંકડા પર પહોંચ્યું, જે અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

હનુમાન સંગ સુર્વચલા વિવાહ ઉત્સવ અને ભગવાન પરશુરામ જન્મોત્સવ ઉજવણી યોજાશે

સુરતઃ શહેરના ભટાર બ્રેડ લાઇનર સર્કલ પાસે આવેલા શ્રી મહાલક્ષી શક્તિ પીઠ મંદિરમાં આગામી તા.30મી એપ્રિલના રોજ હનુમાન સંગ સુર્વચલા વિવાહ ઉત્સવ અને તેની સાથે ભગવાન પરશુરામ જન્મોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના મહારાજ ભારતમુની ભારતીય, રાજેશ ભરૂકા, સચિન સિંગલા અને આ આયોજનના યજમાન રાજેન્દ્ર ક્રીપલાનીએ જણાવ્યું હતું કે, અક્ષય તૃતિયાના પાવન દિવસે મહાલક્ષ્મી મંદિરના 50 વર્ષ પુર્ણ થવાના છે, ત્યારે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે તે દિવસે 1008 મહાલક્ષ્મી માતાજીના યજ્ઞનો સંકલ્પ કરવામાં આવશે. ભારત દેશમાં સુખ અને શાંતિ તે હેતુથી અનુષ્ઠાન કરવામાં આવશે.

જૈનાચાર્ય યોગતિલકસૂરિજીનો સુરતમાં પ્રવેશ થયો

સુરતઃ 'ગુરુજિનસંયમ' કૃપાપ્રાપ્ત જૈનાચાર્ય યોગતિલકસૂરિજીની સોમવારે સુરતમાં પધરામણી થઈ હતી. મુની આજે નાનપુરા શ્રી શાંતિકનક જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ આચાર્યશ્રી સોમસુંદરસૂરિજીની સાથે પધાર્યા હતાં. આ અવસરે સુરતના જૈનોમાં વિશેષ ઉલ્લાસનું મોજુ ફરી વળ્યુ હતું.આચાર્યજી માત્ર 12 દિવસ માટે જ સુરત રોકાશે બાદમાં મુંબઇ તરફ ચાતુર્માસ માટે પ્રયાણ કરશે. આચાર્યનાં આગમન માંટે સેંકડો યુવાનો કાર્યરત હતાં. ઉલ્લેખનિય છે કે, આચાર્યજીએ ગત વર્ષે અમદાવાદ ખાતે ઐતિહાસિક 35 દીક્ષા પ્રદાન કરી હતી ત્યારે, વર્તમાન જૈનશાસનના એકમાત્ર એવા હયાત ધર્માચાર્ય બન્યા છે જે 100થી વધુ પોતાના સીધા શિષ્યો તથા 30થી વધુ પ્રશિષ્યાદિના ગુરુપદે વિરાજમાન થયાં છે. તેમની દીક્ષાસ્વીકારનું અત્યારે શતાબ્દી વર્ષ ચાલી રહ્યાં છે.

સંપ્રતિ ફાઉન્ડેશન દ્વારા બ્લડ ટેસ્ટ કેમ્પનો 4000 લોકોએ લાભ લીધો

સુરતઃ સંપ્રતિ ફાઉન્ડેશન, સુરત દ્વારા પૂર્વ ડેપ્યુટી મેયર અને ફાઉન્ડેશનના ચેરમેન નીરવ શાહના જન્મદિવસ નિમિત્તે અડાજણ ખાતે લાયન્સ ક્લબ હોલ ખાતે "સંપ્રતિ રક્તદાન મહાયજ્ઞ" અને "સંપ્રતિ ફ્રી બ્લડ ટેસ્ટ કેમ્પ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત આતંકવાદી હુમલામાં મોતને ભેટેલા નાગરિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. સંપ્રતિ રક્તદાન મહાયજ્ઞ અંતર્ગત 321થી વધુ લોકોએ રક્તદાન કર્યુ હતું. ફ્રી બ્લડ ટેસ્ટ કેમ્પમાં 400થી વધુ નાગરિકોએ મફત બ્લડ ટેસ્ટનો લાભ લીધો હતો. કાર્યક્રમમાં સુરત શહેરના મેયર દક્ષેશ માવાણી, સુરતના સાંસદ મુકેશ દલાલ, સુરત શહેર ભાજપ મહામંત્રી કિશોર બિંદલ, કાળુ ભીમનાથ, ભાજપ ઉપપ્રમુખ પંકજ દેસાઈ, ડ્રેનેજ સમિતિના ચેરમેન કેયુરભાઈ ચપટવાલા, દંડક ધર્મેશ વાણીયાવાલા, કેતન મહેતા, વૈશાલી શાહ, નિલેશ પટેલ, ઉર્વશી પટેલ, વોર્ડના પ્રમુખો, મહામંત્રીઓ, મોટી સંખ્યામાં કાર્યકર્તા મિત્રો તથા જૈન સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

9થી 10 લાખ રૂપિયામાં સભ્યપદ આપનાર

SDCAનું મુંબઇની જેમ હોટલ, શિક્ષણ, તબીબી સંસ્થાઓ સાથે જોડાણ કરવા વિપક્ષના સભ્યોની માંગ

જો જોડાણ થાય તો SDCAના સભ્યોને ઓછા ભાવે રૂમ તેમજ ફૂડનો લાભ મળી શકે તેમ છે

સભ્યોને તબીબી સેવાની સાથે હોસ્પિ.માં દાખલ થવાનો અને તબીબી ફોલોઅપનો પણ લાભ મળી શકે છે

સુરતઃ 10 લાખ રૂપિયામાં સભ્યપદ આપનાર SDCAનું મુંબઇની જેમ હોટલ, શિક્ષણ, તબીબી સંસ્થાઓ સાથે જોડાણ કરવા માટે વિપક્ષી સભ્યો યેશા કોન્ટ્રાક્ટર, અક્ષરા કોન્ટ્રાક્ટર, મહેક નરેન્દ્ર ગાંધી, મયૂર ગોળાવાલા અને રોહન દેસાઈ દ્વારા માંગ કરવામાં આવી છે. સભ્યોના લાભાર્થે આ જોડાણ કરવા રજૂઆત કરવામાં આવી છે.

સુરત શહેરમાં આવેલી ફાઈવ સ્ટાર હોટેલોમાં એસડીસીએનું સભ્યપદ હોય જેથી લાલભાઈ કોન્ટ્રાક્ટરના આશરે 5400 જેટલાં સભાસદ સભ્યો છે અને દરેકનું સભ્ય પદ કાર્ડ આશરે 9 થી 10 લાખનું છે. ઓછા ભાવે રૂમ તથા ફૂડનો લાભ મળી શકે. ટૂંકમાં મુંબઈ જેવાં શહેરોમાં ચાલતી પ્રણાલી મુજબ જે તે સંસ્થાના સભ્યો અથવા તેમના પરીજનો-મિત્રો માટે રહેવા-જમવા માટેની સુવિધાઓમાં અમૂક ટકા ડિસ્કાઉન્ટ મળતું રહે. જેને કારણે એસડીસીએનું નામ વધે તથા આવી ફાઈવ સ્ટાર હોટેલોને નવા ગ્રાહકો મળતાં થાય એમ બન્ને તરફ ફાયદાની વાત છે. આ સિવાય પણ દરેક સભ્યના વ્યાપક હિતમાં, શિક્ષણ, તબીબી સેવા માટે હોસ્પિટલમાં દાખલ થવા, નિયમિત દવાઓ અને તબીબી ફોલોઅપ માટેની સેવાઓ સામેલ કરવી જરૂરી છે.

BCCI ની ટુર્નામેન્ટ અને SPL માટે હોટેલ્સના કોમ્પ્લિમેન્ટ્રી રૂમ મળે જ છે: ડો. નૈમેષ દેસાઈ

આ અંગે SDCA નાં ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેષ દેસાઈએ જણાવ્યું હતું કે, તેઓના સકારાત્મક સૂચનો અંગે સંસ્થા વિચાર કરશે. જોકે BCCI અને સુરત પ્રીમિયર લીગ કે અન્ય ક્રિકેટ ટુર્નામેન્ટ વખતે સુરત શહેરની ફાઇવ સ્ટાર અને ફોર્થ સ્ટાર હોટેલ્સ દ્વારા SDCA ને રૂમ, લોન્ડ્રી, બ્રેકફાસ્ટ ફ્રી આપ્યા જ છે. સેલિબ્રિટી અને લિજેન્ડ જેવી ક્રિકેટ ટુર્નામેન્ટ વખતે રૂમ ભાડામાં આયોજકોને ડિસેમ્બર મહિનો પિક સિઝન છતાં બંને મેરિયોટ, લિ મેરિડીયન, જીંજર, રામી ઇન્ટરનેશનલો જેવી હોટેલો અને પરાઇજોમાં 40% સુધી ડિસ્કાઉન્ટ મળ્યું જ છે. કોઈપણ સંસ્થાએ હોસ્પિટલિટી જોડાણ માટે વાર્ષિક ધોરણે ફિક્સ રૂમ બુકિંગ માટે બાંહેધરી આપવી પડતી હોય છે. સંસ્થા ચોક્કસ એ અંગે વિચારશે.

સુરત ગમતું ન હોય, વતન જવાની જીદમાં કારખાનેદારનો આપઘાત

સુરત : સિટી લાઈટ ખાતે રહેતા લુમ્સના કારખાનેદારે વતન જવાની જીદમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મૂળ અમરેલીના અને હાલ સિટી લાઈટ ઓસનિક વ્યુ એપાર્ટમેન્ટમાં રહેતા 24 વર્ષીય કેવલ ભગવાનભાઈ ખંખાળ મોટાભાઈ રાહુલ સાથે રહેતો હતો. રાહુલના માતા-પિતા વતનમાં રહે છે. બંને ભાઈઓ ભાગીદારીમાં કડોદરા ખાતે લુમ્સનું ખાતું અને ભાઠેના ખાતે ડિજિટલ પ્રિન્ટનું મશીન ચલાવે છે. રવિવારે સાંજે અચાનક કેવલ વતનમાં જવાની જીદે ચઢ્યો હતો. જેથી મોટોભાઈ રાહુલ કેવલને સમજાવીને ઘરે લઈ આવ્યો હતો. બાદમાં બંને ભાઈ સૂઈ ગયા હતા. દરમિયાન મધ્યરાત્રિએ કેવલે ઘરે પંખા સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં કેવલને વતનમાં જવું હતું, સુરત ગમતું ન હતું, જેથી આપઘાતનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

વરાછા ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રમાં બાળકો માટે પ્લે ઝોનની નવી સુવિધા

લાઈનોમાં વાલીઓ સાથે ઊભા રહેવાના બદલે બાળકો મજા માણશે

સુરતઃ વરાછા ઝોનના નાગરિક સુવિધા કેન્દ્રમાં બાળકો માટે ખાસ પ્લે ઝોન બનાવવામાં આવ્યું છે. ઘણીવાર મહિલાઓ અને વાલીઓ પોતાના બાળકો સાથે કેન્દ્રમાં આવતા હોય છે, જેમને લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડે છે. આ સ્થિતિમાં બાળકો માટે રાહ જોવી કંટાળાજનક હોય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને સુવિધા કેન્દ્રના એક ભાગને પ્લે ઝોનમાં રૂપાંતરિત કર્યો છે. જે બાળકો અને વાલીઓ બંને માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. હવે બાળકોને લાઈનમાં ઊભા રહેવાની બોરિયાતનો સામનો કરવો નથી પડતો, બલ્કે તેઓ પ્લે ઝોનમાં મનોરંજન અને આનંદ માણી શકે છે. આ પહેલથી નાગરિકોમાં પણ સંતોષ જોવા મળી રહ્યો છે. નાગરિકો એ પ્રશંસા કરી અન્ય સુવિધા કેન્દ્રોમાં પણ શરૂ કરવા માંગ કરી હતી.

સુરત સિવિલ હોસ્પિટલ ખાતે રેડિયોલોજી પર દ્વિ-દિવસીય કોન્ફરન્સ યોજાઈ

125થી વધુ રેડિયોલોજિસ્ટે પેનલ ડિસ્કશનમાં ભાગ લીધો અને વિવિધ વિષયો પર પોતાનું મંતવ્ય રજૂ કર્યું

કોન્ફરન્સમાં સોનોગ્રાફી, એમઆરઆઈ, સિટી સ્કેન સહિતની નવી ટેકનિક અને તેના ઉપયોગ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી

સુરતઃ સુરત સિવિલ હોસ્પિટલ અને ગવર્નમેન્ટ મેડિકલ કોલેજના રેડિયોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે દ્વિદિવસીય રેડિયોલોજી કોન્ફરન્સનું આયોજન કરાયું હતું. જેમાં 125થી વધુ અનુભવી રેડિયોલોજિસ્ટે પેનલ ડિસ્કશનમાં ભાગ લીધો હતો અને વિવિધ વિષયો પર પોતાનું મંતવ્ય રજૂ કર્યું હતું.

રેડિયોલોજીકલ ઈમેજિંગ એસોસિએશન સુરતના પ્રમુખ ડો. ઉદય પ્રજાપતિએ જણાવ્યું હતું કે, રેડિયોલોજી ક્ષેત્રે નવીનતમ ટેકનિક અને ચિંકિત સંકેતો અંગે તાલીમ આપવાનું અને જાણકારી આપવાનું મુખ્ય ઉદ્દેશ્ય હતું. કોન્ફરન્સ દરમિયાન સોનોગ્રાફી, એમઆરઆઈ, સીટી સ્કેન સહિતની નવી ટેકનિક અને તેના ઉપયોગ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

આ કાર્યક્રમનું આયોજન અને સાથે સાથે સંચાલન ડો. શિવરામ કાંબળે, ડો. વિવેક મિશ્રા, ડો. શિવાંગી પંડ્યા, ડો. પરિષ્કિત પટેલ સહિતના રેડિયોલોજી વિભાગના આગેવાનોની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

પ્રજાના પરસેવાના ટેક્સમાંથી ફાળવાતા ચાર બાકડા પાલનપોરમાં બિનવારસી હાલતમાં મળ્યા

કતારગામની એક સોસાયટી બહાર મનપાએ ફાળવેલા બાકડા પર બહારના લોકો માટે બેસવાની મનાઈનાં બોર્ડ જોવા મળ્યાં

સુરત : સુરત મહાનગર પાલિકા દ્વારા લોકોની સુવિધા માટે કોર્પોરેટરો અને ધારાસભ્યોની ગ્રાન્ટમાંથી ફાળવવામાં આવતા બાંકડાઓનો દુરુપયોગ થઈ રહ્યો હોવાનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. આ બાંકડાઓનો કોઈ હિસાબ રાખવામાં આવતો ન હોવાની ફરિયાદ સાથે, લોકોના ટેક્સના પૈસાનો વ્યય થઈ રહ્યો હોવાનો આક્ષેપ ઉઠ્યો છે. આ મામલે તપાસની માંગ પણ ઉઠી છે.

પાલનપોર ગામ વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં પાલિકાના ચારેક બાંકડા ઉપયોગ વિના પડ્યા હોવાનું બહાર આવ્યું છે. આ બાંકડા પાલિકાની વોર્ડ ઓફિસ નજીક જ અવાવરુ સ્થિતિમાં જોવા મળ્યા છે, જેનો કોઈ ઉપયોગ થઈ રહ્યો નથી.

આ ઉપરાંત, કતારગામ ઝોનમાં એક સોસાયટી બહાર ગ્રાન્ટમાંથી મંજૂર થયેલા બાંકડાઓ મૂકવામાં આવ્યા છે, પરંતુ તેનો ઉપયોગ માત્ર સોસાયટીના સભ્યો માટે જ મર્યાદિત કરવામાં આવ્યો છે. સોસાયટી દ્વારા બાંકડા પર બેસવા માટે બહારના લોકોને મનાઈ ફરમાવતી સૂચના લગાવવામાં આવી છે, જે મનપાના નિયમોની વિરૂધ્ધ છે. બીજી તરફ, બાંકડાઓની માંગણી કરતા અનેક લોકોને તેની ફાળવણી ન થતી હોવાની ફરિયાદો પણ સામે આવી છે. આ સ્થિતિ લોકોના પરસેવાના ટેક્સમાંથી ફાળવાતા નાણાંના દુરુપયોગનો પ્રશ્ન ઉભો કરે છે.

પાંડેસરામાં ધો.7માં ભણતી બે સગી બહેને દવાનો ઓવરડોઝ લેતા હોસ્પિટલમાં

એક બહેને કહ્યું માથું દુઃખતું હતું, બીજીએ કહ્યું એમ જ દવા પી લીધી, વિરોધાભાસી નિવેદનથી પોલીસ મૂંઝવણમાં

એક મહિના પૂર્વે બીમારીના કારણે મોતને ભેટેલા પિતાની દવા ઘરમાં પડી હતી, પી લીધી

સુરતઃ પાંડેસરામાં ધોરણ 7માં અભ્યાસ કરતી બે સગી બહેને કોઈ દવાનો ઓવરડોઝ ગળી જતા સારવાર માટે બંનેને નવી સિવિલમાં દાખલ કરાઈ હતી. પિતાના અવસાનના એક માસ બાદ ઘરમાં પિતાની દવા પડી હોવાથી બંને બહેને દવા પી લીધી હતી. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ ઉત્તર પ્રદેશના વતની અને હાલ પાંડેસરા મિલન પોઈન્ટ પાસે જય અંગે નગરમાં રહેતી 14 વર્ષીય મુસ્કાન લક્ષ્મીકાન્ત મિશ્રા અને 13 વર્ષની તેની નાની બહેન અંકિતા, પિયુષ પોઈન્ટ ખાતેની સરકારી શાળામાં ધોરણ 7માં અભ્યાસ કરે છે. રવિવારે બંને બહેને બપોરે પોતાના ઘરમાં કોઈ દવાનો ઓવરડોઝ ગળી લીધો હતો. જેથી બંનેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાંથી બંને બહેનને વધુ સારવાર માટે એફ-ડી વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી.

પોલીસને નિવેદનમાં બંને બહેને જણાવ્યું હતું કે પિતાનું એક માસ પહેલા બીમારીના કારણે અવસાન થયું હતું. જેથી પિતાની દવા ઘરે પડી હોવાથી બંને બહેને તે પી લીધી હતી. પોલીસે બંને બહેનના અલગ અલગ નિવેદન લેતા મુસ્કાને તેના નિવેદનમાં માથું દુઃખતું હતું એટલે દવા પી લીધી હોવાનું કહ્યું હતું. જ્યારે અંકિતાએ કોઈ કારણ નથી, અમે એમ જ દવા પી લીધી હોવાનું નિવેદન આપ્યું હતું. આ અંગે વધુ તપાસ પાંડેસરા પોલીસ કરી રહી છે.

સુરતમાં કોંગ્રેસની સ્થિતિ નબળી હોવાની બાલાસાહેબ થોરાટની કબૂલાત

સિંધુ નદીના રાજકારણ મુદ્દે થોરાટના સી.આર. પાટીલ પર પ્રહારો

સુરતઃ કોંગ્રેસના સંગઠન સૃજન અભિયાન અંતર્ગત સુરતની મુલાકાતે આવેલા મહારાષ્ટ્રના પૂર્વ કેન્દ્રીય મંત્રી બાલાસાહેબ થોરાટે સ્થાનિક કોંગ્રેસની નબળી સ્થિતિ સ્વીકારી હતી. જમ્મુ-કાશ્મીરના પહેલગામ આતંકી હુમલાને માનવતા માટે કલંક ગણાવી થોરાટે જણાવ્યું કે, રાહુલ ગાંધી સહિત વિપક્ષના નેતાઓ ભારતના કોઈપણ જવાબને સમર્થન આપશે. આતંકવાદ સામે કડક પગલાંની જરૂર હોવાનું તેમણે ઉમેર્યું હતું. પહેલગામ આતંકી હુમલા બાદ સિંધુ નદીના પાણીના મુદ્દે રાજકીય ગરમાગરમી વધી છે. ભારતે સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરવાની જાહેરાત કરતાં પાકિસ્તાને યુદ્ધની ધમકી આપી છે. સુરતમાં જળસંચય કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે પાકિસ્તાનને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ભારત ધમકીઓથી ડરતું નથી. જો કે, બાલાસાહેબ થોરાટે પાટીલના નિવેદન પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, ભારત પાસે સિંધુ નદીનું પાણી રોકવાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર નથી.

નાનપુરાની ફિશ માર્કેટ અસામાજિકોનો અડ્ડો બની, તાકીદે સ્ટોલ ફાળવણી કરવા રજૂઆત

કરોડોના ખર્ચે નવીનીકરણ કરાયું, છતાં જુદાં જુદાં એસો.ની વિવિધ માંગણીના કારણે સ્ટોલ ફાળવણી ઘોંચમાં

સુરતઃ શહેરના નાનપુરા લક્કડ કોટ ખાતે મનપા દ્વારા ફીશ માર્કેટનું નિર્માણ કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી રૂ. 11 કરોડના ખર્ચે કરવામાં નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં અંદાજે 80 સ્ટોલની વ્યવસ્થા છે. જો કે, સ્ટોલ ફાળવણીને લઈને સર્જા